# પાલનપુરના તાજપુરામાં હવામાં ફાયરિંગ : ૨ શખ્સની અટકાયત

પાલનપુર શહેરના તાજપુરા વિસ્તારમાં ઉત્તરાયણ પર્વ નિમિત્તે પોલીસ પેટ્રોલિંગ દરમિયાન તાજપુરામા ખુલ્લા મેદાનમાં હવામાં ફાયરિંગ થયું હોવાનો બનાવ પ્રકાશમાં આવતા પોલીસે ઘટના સ્થળે જઇ પંચનામું કરી ફાયરિંગ કરનાર સહિત બે વ્યક્તિઓની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતોનુસાર પશ્ચિમ પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઉતરાયણ નિમિત્તે ઢૂંઢીયાવાડી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન પાલનપુરના તાજપુરા વિસ્તારમાં આવતા ખુલ્લા મેદાન નજીક ધડાકાનો અવાજ સંભળાયો હતો. પોલીસે આવી જોતા જાહેર ખુલ્લા મેદાનમાં ૨ ઈસમો ઉભેલા હતા. જે પૈકી એક ઈસમે હાથમા પિસ્તોલ જેવુ હથિયાર ધારણ કર્યું હતું અને હવામાં ભડાકા કરતો હોય તેવું જણાતા પોલીસે ત્યાં જઈ તેને પકડી લીધો હતો. અને તેના હાથમાં રહેલું હથિયાર પણ કબજે લીધું હતું.

પોલીસ તપાસમાં ફાયરિંગ કરનાર ઈસમ વકાસ જાવેદભાઈ તાજ મમદ પઠાણ ઉંમર વર્ષ ૨૨ રહેવાસી તાજપુરા મસ્જિદ હોવાનું જાણવા મળેલ છે. જોકે તેની પાસે હથિયાર રાખવાનો કોઈ આધાર પુરાવો ન મળતા પોલીસે રૂપિયા ૧૫૦૦ ની કિંમતનું હથિયાર કબજે કર્યું હતું.

જ્યારે બીજા ઈસમનું નામ પુસ્તા મોહંમદ હુઝેર ફરીદભાઈ શેખ ઉ. ૨૨ રહેવાસી રેલવે સ્ટેશન રોડ, મસ્જિદ પાસે, પાલનપુરવાળો હોવાનું જાણવા મળ્યું હતું. જેની પાસેથી પ્લાસ્ટિકનું કાર્ટીસ મળેલ જે તપાસના કામે કબ્જે કરવામાં આવ્યું હતું.

આમ ઉત્તરાયણના તહેવારમાં કલેકટર નું હથિયારબંધીનું જાહેરનામું હોવા છતાં જાહેરમાં હથિયાર લઈ લોકોની સલામતીને જોખમમાં મુકાય તેવી રીતે જાહેરમાં ભડાકા કરવા બાબતે બંને ઈસમોની પૂછપરછ કરતાં તેઓ યોગ્ય જવાબ આપી શક્યા ન હોય તેમની પાસેનું હથિયાર સહિતનો મુદ્દામાલ કબજે લઈ બંનેની અટકાયત કરી વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.



યુજીવીસીએલના કર્મચારીઓને ખેરોજ પોશીના ખેડબ્રહ્માને સાતમા પગાર પંચની એલાઉન્સને લઈને માગણીઓ ન સંતોષાતા ખેડબ્રહ્મા યુજીવીસીએલના ૬૦ જેટલા કર્મચારીઓ ફરજ દરમિયાન કાળી પટ્ટી બાંધી સૂત્રોચ્ચાર કરી સરકાર વિરુધ્ધ વીરોધ દર્શાવ્યો હતો. આ કાર્યક્રમ ચાલુ નોકરીએ તા. ૧૬-૧-૨૦૨૧ થી ૨૦-૧-૨૦૨૧ સુધી વિરોધ દર્શાવવામાં આવશ તેમ છતા જો માગણી નહીં સંતોષાય તો તારીખ ૨૧-૧-૨૦૨૧ના રોજ દરેક કર્મચારી માસ સી.એલ. એક દિવસની રજા પર રહેશે. ખેડબ્રહ્મા યુજીવીસીએલ કચેરી ખાતે કુલ ૬૦ વ્યક્તિઓને કોઈ તમામે તમામ હડતાલ પર જશે.

# દિયોદરમાં બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા ૬.૧૦ લાખના મુદામાલની ચોરી

### રોકડ અને સોનાના દાગીના મળી ૬.૧૦ લાખના મુદામાલની ચોરી

ઉત્તરાયણના તહેવાર બાદ દિયોદરના રહેણાંક મકાનમાંથી તસ્કરો સોનાના દાગીના અને રોકડ મળી કુલ ૬.૧૦ લાખની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. આ તરફ ઘટનાની જાણ થતાં ફરીયાદી તાત્કાલિક દોડી આવી તપાસ કરી પોલીસ મથકે અજાણ્યાં ઈસમો સામે દિયોદર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. ગઈકાલે ફરીયાદી પરિવાર સાથે મહેસાણા ગયા બાદ રાત્રે તસ્કરોએ તેમના ઘરને નિશાન બનાવ્યુ હતુ.

બનાસકાંઠા જીલ્લાના દિયોદરમાં વાસી ઉત્તરાયણના દિવસે ૬.૧૦ લાખની ચોરીની ઘટના સામે આવતાં હડકંપ મચી ગયો છે. મૂળ પાટણ જીલ્લાના સરસ્વતી તાલુકાના ઉંદરા ગામના હિતેષગીરી ગૌસ્વામી હાલ દિયોદરની શુભમ સોસાયટીમાં રહી વખા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે ફરજ બજાવે છે. ગઈકાલે તેઓ પોતાના મોટાભાઈના ઘરે મહેસાણા ગયા બાદ મોડીરાત્રે પાડોશીનો ફોન આવ્યો હતો કે, તમારા ઘરનું તાળું તુટેલુ છે અને અંદર ચોરી થયાનું જણાઈ આવે છે.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, પાડોશીનો ફોન આવતાં ફરીયાદી હિતેષગીરી તાત્કાલિક મહેસાણાથી દિયોદર આવવા રવાના થયા હતા. જયાં ઘરે આવી તપાસ કરતાં તસ્કરોએ ઘરના મેઈન દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશ કર્યો હોવાનું ખુલ્યુ હતુ. જેમાં તસ્કરો તીજોરીમાં પડેલ રોકડ રકમ રૂ.૫,૫૦,૦૦૦ તથા સોનાના દાગીના કિ.રૂ.૬૦,૦૦૦ મળી કુલ કિ.રૂ.૬,૧૦,૦૦૦ ની ચોરી કરી પલાયન થઇ ગયા હતા. જેને લઇ હિતેષગીરીએ અજાણ્યાં ઈસમો સામે દિયોદર પોલીસ મથકે આઈપીસી કલમ ૪૫૭,૩૮૦ મુજબ ગુનો નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મોડાસામાં પતંગની દોરીથી ઘવાયેલ ઘુવડને જીવદયા પ્રેમીઓએ સારવાર આપી બચાવી લીધું

મોડાસા, તા. ૧૬

શહેરી વિસ્તારોમાં સામાન્ય રીતે ઘુવડ જેવા પક્ષીઓ જોવા મળતા નથી. ત્યારે ઉત્તરાયણના તહેવારમાં પતંગની દોરી ઝાડથી લઈ રોડ ઉપર આવતા જતા લોકોને ઘાયલ કરે છે. કેટલા લોકો મૃત્યુ પામતા હોય છે. ત્યારે આવી જ એક દોરીના કારણે આ ઘુવડ તેમાં લપેટાઇ ગયું હતુ જેનાથી ઘુવડને ઈજાઓ થતાં સોસાયટી વિસ્તારના યુવકોએ જીવદયાપ્રેમી નિલેશ જોશી, અમિત કવિનો સંપર્ક સાધ્યો હતો ત્યારબાદ આ ઘુવડની વધુ સારવાર માટે રાજ્ય સરકારની ૧૯૬૨ કરૂણા હેલ્પલાઈનમાં ફોન કરતા થોડો સમય સુધી રાહ જોવી પડી હતી. ૧૯૬૨ના આવતા અરવલ્લી જિલ્લા પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીના ડોક્ટરનો સંપર્ક કરવો પડ્યો હતો, ડોક્ટર એસ.પી. પટેલ તેમની ટીમ સાથે ઘટનાસ્થળે આવી સરકારી ગાઈડલાઈન મુજબ પીપી કીટ પહેરિ ઘુવડની સારવાર કરવામાં આવી હતી.



આ ઘુવડ કોઈ ખોટા માણસોના હાથમાં ન આવી જાય તાંત્રિક વિદ્યા કરતા લોકોના હાથમાં ન આવે એ માટે સારવાર પછી ફોરેસ્ટ વિભાગની સોંપવામાં આવશે તેવું જીવદયાપ્રેમી નિલેશભાઈ જોશી જણાવ્યું હતું. ડોક્ટર સુભાષ પટેલ ઘુવડની ઈજા ને સામાન્ય ગણાવી હતી, થોડાક દિવસમાં સારું થઈ જશે. ફોરેસ્ટ ખાતામાં રાખવામાં આવશે તેવું જણાવ્યું હતું.

# પખાણવામાં એક વ્યક્તિને ભૂંડે બચકુ ભર્યુ પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડાયો

પાલનપુર તાલુકાના પખાણવા ગામમાં રહેતા એક ગૃહસ્થ ખેતરે ફુવારા ચકાસવા જતા એકાએક ભૂંડ આવી પગના ભાગે બચકુ ભરતા સિવિલમાં સારવાર માટે લવાયા હતા.



પાલનપુર તાલુકાના પખાણવા (માધુપુરા) ખાતે રહેતા અને ખેતી કરતા શિવાભાઈ રામાભાઈ માજીરાણા ઉ.વ.૪૩ બુધવારના રોજ ખેતરમાં ફુવારાની ચકાસણી કરવા ગયા હતા.તે સમયે એક ભૂંડ આવ્યુ હતુ.અને પગના ભાગે બચકુ ભરતા શિવાભાઈએ બુમાબુમ કરતા ભૂંડ ત્યાંથી ભાગી ગયુ હતુ. જેથી આજુ-બાજુના ખેતરમાંથી લોકો દોડી આવ્યા હતા.અને પાલનપુર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.બે દિવસ અગાઉ પણ ગામના એક વ્યક્તિને ભૂંડે બચકુ ભર્યુ હોવાનું ગ્રામજનોએ જણાવ્યુ હતુ. જેથી વન વિભાગ દ્વારા આ બાબતે તપાસ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.

# મોડાસા અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી રસીકરણનો પ્રારંભ

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના મોડાસાના અર્બન હેલ્થ સેન્ટર ખાતેથી પૂર્વ મંત્રી રમણલાલ વોરાએ સંબોધન કરતાં જણાવ્યું કે આજે ૧૬ જાન્યુઆરી ૨૦૨૧થી વડાપ્રધાને દિલ્હીની એઈમ્સ હોસ્પિટલ ખાતેથી દેશમાં કોરોના રસીકરણનો પ્રારંભ કરાવ્યો હતો. આજે દેશના ૩૦૦૬ સેન્ટરથી ૩ લાખને રસી આપવામાં આવશે. છેલ્લા એક વર્ષથી સમગ્ર દુનિયામાં કોરોનાની મહામારીથી લોકો દુઃખી છે. કોરોના જેવી મહામારીથી લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાને કોરોનાની મહામારીથી બચવા માટે સમગ્ર દેશમાં ૨૩ માર્ચના રોજ લોકડાઉન જાહેર કર્યું હતું. જે એક મહત્વનો નિર્ણય સાબિત થયો છે. જેથી કરીને આપણે દેશમાં કોરોનાને વધતો અટકાવી શક્યા છીએ.

પ્રથમ તબક્કામાં મોડાસા ખાતે જિલ્લાના નાયબ આરોગ્ય અધિકારી કૌશલ પટેલને રસી આપવામાં આવી હતી. જ્યારે મોડાસા, ભિલોડા અને ધનસુરા ખાતે પણ કોરોનાની રસી આપવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના રાજ્યકક્ષાએથી કોવિશિલ્ડ કોવિડ-૧૯ વેક્સિનના કુલ ૧૨૬૪૦ ડોઝ મળેલ છે. જે સીરમ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા બનાવવામાં આવી છે. જિલ્લામાં પ્રથમ તબક્કામાં ૧૦૩૪૦ ડોઝ આરોગ્ય કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓને આપવામાં આવશે. બીજા તબક્કામાં ૧૯૨૧૨ ડોઝ ફ્રંટલાઈન વર્કરને રસીકરણથી આવરી લેવામાં આવશે. ત્રીજા તબક્કામાં કુલ ૨૧ લાખ ૬ હજાર ૧૬૬ ડોઝ ૫૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા વ્યક્તિઓને ત્યારબાદ ૫૦ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા કોમોબીડ વ્યક્તિઓને રસીકરણથી આવરી લેવાશે. અરવલ્લી જિલ્લામાં કુલ ૧૧૬૨ સેશન સાઈટ તૈયાર કરેલ છે જયાં ૩૬૮ તાલીમબદ્ધ કર્મચારી દ્વારા રસીકરણ કરવામાં આવશે. કોરોનાંની



વેકશીનના બે ડોઝ આપવામાં આવશે. દરેક ડોઝ ૦.૫ એમએલ ઈન્ટમસ્ક્યુલર રૂટથી આપવામાં આવશે. રસીકરણનો પ્રથમ ડોઝ આપ્યા પછી બીજો ડોઝ ૨૮ દિવસ બાદ આપવામાં આવશે.

પૂર્વ મંત્રી રમણલાલ વોરાએ જણાવ્યું કે ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રમાં ડૉક્ટર, નર્સિંગ,પેરામેડિકલ, સફાઈ કામદારોએ તેમના જીવના જોખમે પણ કોરોના દર્દીઓની સારવાર માટે ખડેપગે રહ્યા હતા. આપણે જ્યારે ઘરમાં હતા ત્યારે એ સમયે એ લોકો કોરોના વોરિયર્સ બનીને જનતાની સેવામાં લાગેલા હતા. અત્યાર સુધીમાં ૫૦ કરતાં વધુ ડોક્ટરોએ કોરોનાની મહામારીમાં શહીદ થયા છે. સરકારે ગુજરાતમાં કામ કરતાં ૧૦ લાખ પર પરપ્રાંતિયોને ટ્રેન અને બસ મારફતે તેમના વતન પહોંચાડ્યા હતા. ગુજરાતમાં પરપ્રાંતિયો રોજી રોટી કમાય છે.

તેમણે વધુમાં જણાવ્યું કે વડાપ્રધાને મહામારીમાં ૨૦ લાખ કરોડનું આર્થિક પેકેજ જાહેર કર્યું હતું. રાજ્ય સરકારે કોરોનાની મહામારીમાં છ માસ સુધી લોકોને મફત અનાજ પૂરું પાડ્યું હતું. એ.પી.એ.એલ. કે બી.પી.એલ કાર્ડ ધારક હોય એ દરેકને અનાજ આપ્યું છે. કોરોનાની મહામારીમાં લોકોએ ખૂબ જ સાથ અને સહકાર આપ્યો છે.

આ પ્રસંગે જિલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા વિકાસ અધિકારી અનિલ ધામેલિયા, મોડાસા પ્રાંત અધિકારી મયંક પટેલ, જિલ્લાના નાયબ આરોગ્ય અધિકારી ડૉ. કૌશલ પટેલ, તબીબી તજજ્ઞો, નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠામાં રસીકરણનો પ્રારંભ પહેલા જ દિવસે ૭૮ને રસી અપાઈ

### પહેલી રસી તમામ જગ્યાએ મેડિકલ ઓફિસર્સ દ્વારા લેવાઈ : રસી લેનારામાં સફાઈ કર્મી, કમ્પાઉન્ડર આશા બહેનો અને મેડિકલ ઓફિસર્સ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં જુદી જુદી ૫ જગ્યાઓ પર વેકસિનેશન કામગીરીનો આરંભ થયો હતો. જ્યાં પહેલા દિવસે ૭૮ને રસી આપવામાં આવી હતી. કેટલાકે રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ પરત આવ્યા જ નહોતા. સંજીવનીના ડોઝ પર જાણે હડતાળની નજર લાગી ગઈ હોય એમ રસી લેવા સ્ટાફ ન આવતા વેકસિનેશન કામગીરી પ્રભાવિત થઈ હતી. જિલ્લામાં તમામ સ્થળોએ પહેલી રસી મેડિકલ ઓફિસર્સ દ્વારા લેવાઈ હતી. ૫ કેન્દ્રોમાં રસી લેનારામાં સફાઈ કર્મી, કમ્પાઉન્ડર આશા બહેનોનો પણ સમાવેશ થાય છે. કેન્દ્રો પર રસી માટે આવેલા તમામને ચણા અને ગોળ ખવડાવવામાં આવ્યા હતા. ડીસા તાલુકાના ભીલડી સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સાંસદ પરબતભાઈ પટેલે, વડગામ તાલુકાના નાંદોત્રામાં પૂર્વ મંત્રી અને ડેરીના ચેરમેન શંકરભાઇ ચૌધરીએ, મોરીયા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પૂર્વ મંત્રી રણછોડભાઈ રબારીએ, લોરવાડામાં શશીકાંત પંડ્યા જ્યારે રતનપુર ખાતે કીર્તિસિંહ વાઘેલાએ વેક્સિનેશનની શરૂઆત કરાવી હતી. જેમાં વેક્શિનનો લાભ લેનાર આરોગ્ય કર્મચારીઓને વિશેષ ઓળખ કાર્ડ આપવામા આવ્યું હતું. અને "મેં કોરોના વેક્સિન લીધી છે" તેવું લખાણ વાળો ટેગ (બિલ્લો) આપવામા આવ્યા હતાં.

જિલ્લા કોરોના રસી અંગે ઘણા લોકો અફવાઓ અને ભ્રમણાઓ ફેલાવી રહ્યા છે ત્યારે આવી અફવાઓ અને ભ્રમણાઓથી દૂર રહેવા કોરોના વેક્શિન મુકાવનાર કોરોના વોરીયર્સ ડૉક્ટર, નર્સ, કમ્પાઉન્ડર અને સફાઈકર્મીઓએ જણાવ્યું હતું કે, આપણા દેશમાં જ બનેલી સ્વદેશી કોવિડ-૧૯ની વેક્શિન સંપૂર્ણ સુરક્ષિત છે, ડરવાની બિલકુલ જરૂર નથી. નાંદોત્રામાં શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે સમગ્ર દેશ સ્વદેશી વેકસીન લે છે તે બાબતને લઈ ગર્વ લેવો જોઈએ. વેકસીન અંગેની અફવાઓથી સાવધાન રહેવું જોઈએ. વેકસીન આપનાર ડોકટર્સને થેક્યું કહી તેમને કોરોના ની મહા બીમારી માં કરેલ કામગીરી ને બિરદાવવા અપીલ કરું છું.

# અરવલ્લી જિલ્લાના ધનસુરામાં કોરોના રસીકરણનો પ્રારંભ



ધનસુરા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રાજેશભાઈ પાઠક પૂર્વ ધારાસભ્ય અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ભાજપ અરવલ્લીના ઈન્ચાર્જના અધ્યક્ષસ્થાને પ્રારંભ કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત સૌએ પ્રધાનમંત્રીને લાઈવ સાંભળ્યા હતા અને ત્યારબાદ રસીકરણ કરવામાં આવ્યું હતું. ધનસુરા આરોગ્ય કર્મચારીઓને કોરોના રસી મૂકી રસીકરણની શરુઆત કરવામાં આવી હતી. ધનસુરા આરોગ્ય કર્મચારીઓનું રસીકરણ કરવામાં આવ્યું હતું. ધનસુરામાં સૌ પ્રથમ આરોગ્ય કર્મચારી મૌલિકભાઈએ રસી મૂકાવી હતી. ત્યારબાદ અન્ય કર્મચારીઓને રસી મૂકવામાં આવી હતી. નિરીક્ષણ રુમમાં રાખવામાં આવ્યા હતા. ધનસુરામાં સૌ પ્રથમ આરોગ્યની કામગિરી સાથે સંકળાયેલા કર્મચારીઓને કોરોનાની રસીથી આવરી લેવામાં આવશે ધનસુરામાં રસીકરણની શરુઆત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધનસુરાના સરપંચ યશવંતભાઈ પટેલ, સાબર ડેરીના ડીરેકટર કાન્તીભાઈ પટેલ, ધનસુરા તાલુકા પંચાયતના પૂર્વ ઉપપ્રમુખ અનિલભાઈ પટેલ, અતુલભાઈ બ્રહ્મભટ્ટ, નરેન્દ્રભાઈ પટેલ, પ્રીતિબેન ઠેકડી, ધનસુરા આરોગ્ય અધિકારી ડૉ યોગેશભાઈ ગોસ્વામી, ડૉ સુભાષભાઈ પંડ્યા, ચિંતલબેન પટેલ, અરવલ્લી જિલ્લાના ઈન્ચાર્જ આરોગ્ય અધિકારી ડૉ કૌશલભાઈ પટેલે માર્ગદર્શન આપ્યું હતું.

# બાયડની સહજાનંદ સોસાયટી મકાનમાં ૬.૫૨ હજારની ચોરી



બાયડ, તા. ૧૬

ઉત્તરાયણના દિવસે બાયડની સહજાનંદ સોસાયટીમાં રહેતો પરીવાર અમદાવાદ ખાતે ઉત્તરાયણ કરવા ગયા હતા ત્યારે તસ્કરોએ મકાનનું તાળુ તોડી દરવાજાનો નકુચો તોડી ચોર ઈસમો ઘરની અંદર પ્રવેશ કરી ત્રણ જુદા-જુદા મકાનોમાં ચોરી થતા બાયડ પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. ઉત્તરાયણના દિવસે પોતાનું મકાન બંધ કરીને અમદાવાદ ખાતે ઉત્તરાયણ નિમીતે જતા આ તકનો લાભ લઈ કોઈ અજાણ્યા તસ્કરોએ મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી જુદા-જુદા મકાનમાં મુદ્દામાલ ૬૫૨૦૦૦ રોકડ, સોના-ચાંદી સહિત ચોરી કરી ગયા હતા. બાયડની સહજાનંદ સોસાયટીમાં મકાનમાં બેડરૂમમાં આવેલ કબાટમાં કપડા વેરણ-છેરણ કરી ટી.વી. સ્ટેન્ડના ખાનામાંથી રૂ.૧૫૦૦ તથા સોના-ચાંદીના દાગીના કિ.૧૫૦૦૦૦ તેમજ અનિલભાઈના ઘરે રોકડ રકમ ૩૯૦૦૦ તથા સોના-ચાંદીના દાગીના કિ.૧૪૦૦૦૦ તથા દોલતસિંહના ઘરે રોકડ રૂા. ૪૨૦૦૦ તથા સોના ચાંદીના દાગીના ૨૬૬૦૦૦ કુલ મુદ્દામાલ કિમત ૬૫૨૦૦૦ મત્તાની ચોરી કોઈ ચોર ઈસમો ચોરી કરીને પલાયન થઈ ગયા હતા. બાયડ પોલીસે કિરીટભાઈ રમણભાઈ પંચાલના ફરીયાદના આધારે ફરીયાદ નોંધી બાયડ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં કોરોના રસીકરણનો પ્રારંભ



ખેડબ્રહ્મા, તા. ૧૬

ઘણા લાંબા સમયથી જેની રાહ જોવાઈ રહી હતી એ કોરોના વેકસિનની શુભ શરુઆત આજથી થઈ છે. આજે ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં સાંસદ રમીલાબેન બારાના હસ્તે રસીકરણના કાર્યક્રમને ખુલ્લો મુકાયો હતો. સમગ્ર દેશમાં આજે કોરોના વાયરસ સામે રક્ષણ આપતી રસીકરણનો પ્રારંભ થયો હતો તેની સાથે સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્માની જનરલ હોસ્પિટલમાં રાજયસભાના સાંસદ રમીલાબેન બારાના હસ્તે દિપ પ્રાગટ્ય કરીને તેમજ રસીના બોક્ષને કુમકુમ તિલક કરીને રસીકરણના કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ પ્રસંગે રમીલાબેન બારાએ જણાવ્યુ હતુ કે, યાત્રાધામ અંબાજી માતાજીના ધામમાંથી રસીકરણની શરુઆત કરવામાં આવી છે એટલે રસી લેનાર દરેક વોરીયરની મા રક્ષા કરશે.

# સાબરકાંઠામાં કોરોના વેક્સિનેશનનો પ્રારંભ

### જિલ્લામાં સૌથી પહેલી કોરોનાની રસી સિવિલના તબિબે લીધી : જિલ્લાના પાંચ સેન્ટરો પર રસીકરણની કામગીરી શરૂ કરાઈ : પ્રથમ વેક્સીન લેનારને કોઈ આડ અસર ન થઈ હોવાનો દાવો

હિંમતનગર, તા. ૧૬

ગુજરાત સહિત સમગ્ર દેશમાં આજથી ૧૧ મહિના અગાઉ કોરોના મહામારીના કેસ દેખાયા હતા. જો કે સાબરકાંઠા જિલ્લામાં ગત માર્ચ માસથી કોરોનાના કેસોએ સાબરકાંઠામાં દેખા દીધી હતી અને તરત જ સરકારની કોરોના ગાઈડલાઈન જાહેર થતા તેનો ચૂસ્ત અમલ તંત્ર દ્વારા શરૂ કરાયો હતો. ત્યારબાદ વૈજ્ઞાનિકોએ વિકસાવેલી કોવિશિલ્ડ નામની રસી સફળ થયા બાદ શનિવાર તા. ૧૬ જાન્યુઆરી ૨૦૨૧થી સમગ્ર દેશમાં ફ્રન્ટલાઈન કોરોના વોરીયર્સને પ્રથમ તબક્કામાં રસી આપવાનો પ્રારંભ થયો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લામાં પાંચ સેન્ટરો પર રસીકરણનો પ્રારંભ કરાયો છે. ત્યારે જિલ્લામાં સૌથી પહેલી કોવિશિલ્ડ રસી હિંમતનગર મેડીકલ કોલેજ અને સિવિલમાં ફરજ બજાવતા આંખ વિભાગના તબિબે લીધી હતી. જોકે રસી લીધા બાદ તેમને કોઈ આડ અસર જણાઈ ન હતી.

આ અંગે આરોગ્ય વિભાગના અધિકારી ડૉ. રાજેશ પટેલ તથા રસીકરણની કામગીરી સંભાળતા ડૉ. જયેશ પરમારના જણાવાયા મુજબ કેન્દ્ર સરકાર તરફથી સાબરકાંઠા જિલ્લાને કોવિશિલ્ડ રસીના અંદાજે ૧૬૮૭૫ ડોઝ મોકલાયા છે અને રસીકરણનો પ્રારંભ શનિવારે વડાપ્રધાનના કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પ્રારંભ કરવામાં આવ્યો હતો. જે મુજબ જિલ્લામાં સૌપ્રથમ રસી હિંમતનગર મેડીકલ કોલેજ અને સિવિલમાં અધિકારીઓ અને હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાની ઉપસ્થિતિમાં દિપ પ્રાગટ્ય કરાયા બાદ રસીનો પ્રથમ ડોઝ મેડીકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ડૉ. હિતેશ વ્યાસને આપવામાં આવ્યો હતો. તેઓ હાલ મેડીકલ કોલેજ અને સિવિલમાં આંખ વિભાગના પ્રાધ્યાપક તરીકે સેવા આપી રહ્યા છે. કોવિશિલ્ડનો ડોઝ અપાયા બાદ તેમને ૩૦ મીનીટ સુધી અન્ય તબિબોની નિગરાની હેઠળ રખાયા હતા. પરંતુ કોઈ આડ અસર જણાઈ ન હતી.

ઉલ્લેખનીય છે કે શનિવારે હિંમતનગરમાં બે તથા જિલ્લાના અન્ય ત્રણ સેન્ટરો પર ફ્રન્ટલાઈન કોરોના વોરીયર્સ તરીકે પ્રસ્થાપિત કરાયેલા ૧૦૦ લોકોને કોવિશિલ્ડનો ડોઝ આપવામાં આવ્યો હતો. પ્રથમ રસી લેનાર ડૉ. હિતેશ વ્યાસે પ્રજાને ભ્રામક પ્રચારથી દૂર રહેવાની અપીલ કરી હતી. જોકે આગામી દિવસોમાં કોવિશિલ્ડનો બીજો તબક્કો ક્યારે શરૂ કરાશે તે અંગે પુછતા તેમણે જણાવ્યુ હતુ કે રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગની સુચના બાદ તેનો અમલ કરવામાં આવશે.

રસીકરણ દરમિયાન તમામ પાંચ સેન્ટરો પર ૨૫ થી વધુ આરોગ્ય કર્મચારીઓને કામ સોંપવામાં આવ્યુ હતુ. જોકે રસીકરણ કાર્યક્રમ પૂર્વે જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા તમામ પૂર્વ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં હિંમતનગરમાં ૨ તથા ઈડર, ખેડબ્રહ્મા, તલોદ અને વિજયનગર ખાતે પણ રસીકરણનો કાર્યક્રમ યોજાયો હતો.